**ફોજદારી પરચુરણ અરજી નં.૧૯૩/૨૦૨૫**

**આંક–૧ લગત હુકમ**

૧. અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ. હાલની અરજી અરજદાર તરફે સરફેસી એકટની કલમ–૧૪ અન્વયે તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ અને જે તે સમયના પ્રીસાંઇડીગ ઓફીસરશ્રી ધ્વારા અરજદારે રૂા.૨૦,૦૦૦/– મહેનતાણા પેટે જમા કરાવેથી સુનાવણી માટે તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ રાખવામાં આવેલ, ત્યારબાદ આજ દિન સુધી અરજદાર કે તેઓ તરફે કોઇ હાજર રહેલ નથી કે સદર હુકમનું પાલન કરેલ નથી. નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા આ પ્રકારની અરજનો દિન ૩૦ માં નીકાલ કરવાની સુચના આપવામાં આવેલ છે, હાલની અરજ તા.૮/૯/૨૦૨૫ થી પેન્ડીંગ છે, આજરોજ અરજદાર કે તેઓ તરફે કોઇ હાજર નથી કે કોઇ મુદત અરજ નથી, તેવા સંજોગોમાં અરજદારની આ અરજી પેન્ડીંગ રાખવાપાત્ર જણાતુ ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની હાલની અરજી તા.૮/૯/૨૦૨૫ ના રોજના હુકમના અમલના અભાવે તથા અરજદાર તથા તેઓ તરફેની ગેરહાજરીના કારણે રદ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૧ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૦૭/૨૦૨૬ (ડી.એલ.ઠાકોર)

મુ.બોરસદ. એડી. ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

બોરસદ.

કોડ નં.જીજે ૦૦૮૯૩